સ્વચ્છતા હી સેવા અભિયાન (17 સપ્ટેમ્બર - 02 ઑક્ટોબર, 2026)

વિદેશ મંત્રાલયે 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર, 2026 સુધી "સ્વચ્છતા હી સેવા 2026" (એસએચએસ-2026) અભિયાનનું આયોજન કર્યું હતું. આ અંતર્ગત મંત્રાલયે એસએચએસ 2026 ના પાંચ મુખ્ય ધ્યાન કેન્દ્રિત ક્ષેત્રો, જેમ કે સ્વચ્છતા લક્ષ્યાંક એકમો (સીટીયુ) અને સ્વચ્છ જાહેર સ્થળોનું પરિવર્તન, સ્વચ્છ પાઠશાળા: યુવા ફોર સ્વચ્છતા, સફાઈમિત્ર સુરક્ષા સેવા એવમ સમ્માન શિબિર, જન ભાગીદારી/પ્રચાર-પ્રસાર, અને સ્વચ્છતા સે સમૃદ્ધિનો વિદેશ સ્થિત તમામ ભારતીય મિશનો અને કચેરીઓ તેમજ સમગ્ર ભારતમાં ફેલાયેલી તમામ પ્રાદેશિક પાસપોર્ટ કચેરીઓ, વિદેશ મંત્રાલય (એમઈએ) શાખા સચિવાલયો અને ઉત્પ્રવાસી સંરક્ષક કાર્યાલયોમાં વ્યાપક પ્રચાર કર્યો હતો.

2. મંત્રાલયે સ્વચ્છતા માટે મોટા પાયે પ્રચાર-પ્રસાર અને નાગરિક ભાગીદારીને સુગમ બનાવી હતી, મહા સ્વચ્છતા ઝુંબેશ અને ગંદા તથા જટિલ કચરાના સ્થળો (સીટીયુ) ની સફાઇ કામગીરી હાથ ધરી હતી, સ્વચ્છતા અને સફાઇ કર્મચારીઓ માટે આરોગ્ય શિબિરોનું આયોજન કર્યું હતું, તેમજ ભારતમાં ચક્રીય અર્થતંત્રમાં યોગદાન આપવાના ઉદ્દેશ્યથી ટકાઉ કચરા વ્યવસ્થાપન તરફ સ્વચ્છતા અભિયાનને સતત ચાલુ રાખવાની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

3. આ અભિયાનના સમયગાળા દરમિયાન, મંત્રાલયે વિદેશ સ્થિત ભારતીય મિશનો/કચેરીઓ અને ભારતમાં જોડાયેલ/આધીન કચેરીઓ સાથે મળીને 16 થી વધુ સફાઇ મિત્ર સુરક્ષા શિબિરનું આયોજન કર્યું હતું, 184 સીટીયુની ઓળખ કરીને તેમની સફાઇ કરી હતી, માનવ સાંકળ રચીને વર્તણૂક સંબંધી ફેરફારો અને સ્વચ્છતાના મહત્વ પર ભાર મૂક્યો હતો, 'ઘરે ઘરે (ડોર-ટુ-ડોર) જાગૃતિ' ની ઝુંબેશ ચલાવી હતી, સ્વચ્છતા અને 'વેસ્ટ-ટુ-આર્ટ' (કચરામાંથી કળા) ના વિષયો પર વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું, સ્વચ્છતા દોડ સાથે મોટા પાયે સ્વચ્છતા ઝુંબેશ અને 'એકલ-ઉપયોગી પ્લાસ્ટિકનો અસ્વીકાર' (સે નો ટુ સિંગલ યુઝ પ્લાસ્ટિક) ઝુંબેશ હાથ ધરી હતી, આભા અને આયુષ્માન ભારત પીએમ-જેએવાય પર જાગૃતિ કાર્યશાળા, 'એક પેડ મા કે નામ' અભિયાન તેમજ સુષમા સ્વરાજ ભવન ખાતે વસ્ત્ર દાન ઝુંબેશ વગેરેનું આયોજન કર્યું હતું.

4. સ્વચ્છતા હી સેવા અભિયાન 2026 નું ઉદ્ઘાટન વિદેશ સચિવ શ્રી વિક્રમ મિશ્રી દ્વારા 17 સપ્ટેમ્બર, 2026 ના રોજ કરવામાં આવ્યું હતું. તેમણે વિદેશ મંત્રાલયના અધિકારીઓને 'સ્વચ્છતા પ્રતિજ્ઞા' અપાવી હતી અને વિદેશ મંત્રાલયના જવાહરલાલ નેહરુ ભવનના પ્રાંગણમાં 'એક પેડ મા કે નામ' ના ભાગરૂપે એક છોડ વાવ્યો હતો. વિદેશ સચિવે સ્વચ્છતા અભિયાન માટે વિદેશ મંત્રાલયના અધિકારીઓ સાથે શ્રમદાનનું નેતૃત્વ પણ કર્યું હતું.

5. આ અભિયાન હેઠળ, સફાઇ મિત્રો (સ્વચ્છતા કામદારો) ના પ્રયાસોને બિરદાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. નિવારક આરોગ્ય તપાસ માટે સીજીએચએસ માન્યતા પ્રાપ્ત સ્થાનિક આરોગ્ય સેવા પ્રદાતાઓ અને તબીબોના સહયોગથી સફાઇ કામદારો અને તેમના આશ્રિતો માટે 'સફાઇ મિત્ર

સુરક્ષા શિબિરો'નું આયોજન કરવામાં આવ્યું હતું. એસએચએસ 2026 હેઠળ યોજાયેલ આવી ઘણી સ્વાસ્થ્ય શિબિરો થકી ભારત અને વિદેશમાં આપણા હજારો સફાઇ મિત્રોને લાભ મળ્યો હતો.

6. 2 ઑક્ટોબર, 2026 ના રોજ, મંત્રાલયે 'સ્વચ્છતા હી સેવા 2026' અભિયાનના સમાપન રૂપે ઉમંગ અને ઉત્સાહ સાથે ગાંધી જયંતિ અને સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરી હતી. આ અભિયાન દરમિયાન હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ કદ અને વ્યાપની દૃષ્ટિએ વ્યાપક હતી, જેમાં ભારત અને વિદેશમાં બહોળી ભાગીદારીનો સમાવેશ થયો હતો.

નવી દિલ્લી

07 ઑક્ટોબર, 2026